# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૯-C તા.૧૩-૧૧-૨૦૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :-વાચન અભિયાનના અમલીકરણ અને બાયસેગના માધ્યમથી શિક્ષક તાલીમ બાબત.

સંદર્ભ :- ક્રમાંક જીસીઈઆરટી/પ્રકાશન/૨૦૧૯/૨૮૬૯૭-૨૮૭૭૦ તા.૧૩-૧૧-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય દ્વારા પ્રથમ સત્રમાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૮ માં 'રીડીંગ કેમ્પેઈન' - વાચન અભિયાન' અંતર્ગત મૌખિક પ્રવૃત્તિઓ દ્વારા અનૌપચારિક શરૂઆત કરવામાં આવેલ હતી. દ્વિતીય સત્રમાં નીચેની બાબતોનું અમલીકરણ કરવા જણાવવામાં આવે છે.

૧. <u>તા.૧૪-૧૧-૧૯ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે 'વાચન અભિયાન શુભારંભ કાર્યક્રમ' માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા બાયસેગના માધ્યમથી ટેલિકોન્ફરન્સરૂપે યોજાશે.</u> જેને ધોરણ ૩ થી ૮ના તમામ શિક્ષકો(તમામ પાળી-તમામ માધ્યમ સહિત) બિનચૂક રીતે શાળાકક્ષાએથી નિહાળવાની રહેશે.

   દરેક સી.આર.સી., યુ.આર.સી.કો.ઓ., સુપરવાઈઝરશ્રી તથા મદદનીશ શાસનાધિકારીશ્રીઓએ મોનિટરીંગ કરવાનું રહેશે. વ્યક્તિગત રીતે દરેકે ટેલિકોન્ફરન્સ દરમ્યાન શાળાની આકસ્મિક મુલાકાત લેવાની રહેશે.

૨. નવા સત્રમાં શાળાઓ શરૂ થતાં તા.૧૪ થી ૨૩ નવેમ્બર-૨૦૧૯ દરમ્યાન મૌખિક ભાષા વ્યવહારની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન કરાવવું. જે શાળામાં પ્રથમ સત્રમાં આ પ્રવૃત્તિઓ ના થઈ હોય ત્યાં વિશેષ ધ્યાન આપવું. આ માટે અત્રેથી તૈયાર કરવામાં આવેલ મૌખિક ભાષા વ્યવહાર પ્રવૃત્તિ સંપુટ(ધોરણ ૩ થી ૮) નો ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૩. વાચન અભિયાનના બીજા તબકકા અંતર્ગત ધોરણ ૩-૮ની ભાષાદીપ અભ્યાસપોથી ધોરણ ૩-૮ના દરેક વિદ્યાર્થીને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૪. <u>તા.૧૬ નવેમ્બર ૨૦૧૯, શનિવારના રોજ બાયસેગના માધ્યમથી રાજયના ધોરણ ૩ થી ૮ના તમામ શિક્ષકોની તાલીમ યોજાશે.</u> ધોરણ ૩ થી ૮ના તમામ શિક્ષકોએ ૯-૩૦ થી ૧૧-૦૦ કલાક દરમ્યાન શાળાકક્ષાએથી આ તાલીમ નિહાળવાની રહેશે.

૫. તા.૨૩ નવેમ્બર,૨૦૧૯ના રોજ ધોરણ ૩ થી ૮ના વિદ્યાથીઓની વાચન અર્થગ્રહણની પ્રિ-ટેસ્ટ યોજાશે.

૬. તા.૨૫ નવેમ્બર,૨૦૧૯ થી ૩ એપ્રિલ,૨૦૨૦ સુધી ધોરણ ૩ થી ૮માં ભાષાદીપ અભ્યાસપોથી અંતર્ગત ઓછામાં ઓછી ૧૬ અઠવાડિયાની પ્રવૃત્તિઓ વર્ગશિક્ષક દ્વારા કરાવવાની રહેશે.

૭. પ્રથમ તાસમાં શરૂઆતની ૨૦-૨૫ મિનિટ તથા છેલ્લા તાસ દરમિયાન ભાષાદીપની પ્રવૃત્તિઓ વર્ગશિક્ષકે કરાવવાની રહેશે. આમ, દિવસ દરમિયાન કુલ ૧ કલાક 'ભાષાદીપ' ની પ્રવૃત્તિઓ કરાવવાની રહેશે.

૮. તા.૪ એપ્રિલ,૨૦૨૦ના રોજ વાચન અર્થગ્રહણની પોસ્ટ-ટેસ્ટ યોજાશે.

૯. વાચન અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓ માટે બે વિશિષ્ટ પ્રવત્તિઓ યોજવાની છે, વિદ્યાર્થીઓ દ્વારા શાળાકક્ષાએ પ્રોજેક્ટ થશે અને શાળા, કલસ્ટર, તાલુકા, જિલ્લા સ્તર સુધીની વાચન અર્થગ્રહણ સ્પર્ધા થશે.

બિડાણ:- સંદર્ભિત પત્ર

તા.૧૩-૧૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

सत्यमेव जयते

નિયામક

ક્રમાંકઃ જીસીઇઆરટી/પ્રકાશન /2019/ ૨૯૬૯૭-૨૯૭૭૦
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
વિદ્યાભવન, સેક્ટર-12, ગાંધીનગર.
ફોનઃ (079) 23256808-39
ફેક્સઃ (079)23256812
ઇ-મેઇલઃ gcert12@gmail.com
Web : www.gcert.gujarat.gov.in
તારીખઃ ૧૩/૧૧/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

વિષય : વાચન અભિયાનના અમલીકરણ અને બાયસેગના માધ્યમથી શિક્ષક તાલીમ બાબત

સંદર્ભ : ૧)માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) દ્વારા તા. ૨૦/૦૮/૨૦૧૯ની જીસીઈઆરટી, પ્રકાશન શાખાની નોંધ પર મળેલ મંજૂરી

૨) જીસીઈઆરટી/ પ્રકાશન શાખા/૨૦૧૯/૨૩૫૦૪-૬૦ તા. ૧૩/૦૯/૨૦૧૯નો પત્ર

નમસ્કાર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ-૨ અનુસંધાને જણાવવાનું કે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા પ્રથમ સત્રમાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૮માં 'રીડીંગ કેમ્પેઈન' - વાચન અભિયાન' અંતર્ગત મૌખિક પ્રવૃત્તિઓ દ્વારા અનૌપચારિક શરૂઆત કરવામાં આવેલ હતી.

દ્વિતીય સત્રમાં નીચેની બાબતોનું અમલીકરણ કરાવવા વિનંતી.

1. તા. ૧૪/૧૧/૨૦૧૯ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે 'વાચન અભિયાન શુભારંભ કાર્યક્રમ' માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા બાયસેગના માધ્યમથી ટેલિકોન્ફરન્સરૂપે યોજાશે. જે ધોરણ ૩ થી ૮ના તમામ શિક્ષકો બિનચૂક શાળાકક્ષાએ તથા નજીકના રીસીવિંગ સેન્ટર પરથી નિહાળે તે માટે આગળની કાર્યવાહી કરવા વિનંતી.
   - દરેક **CRC, BRC coordinators, BRP, ADEI, TPEO**એ મોનિટરિંગ કરવું. વ્યક્તિગત રીતે દરેકે ટેલિકોન્ફરન્સ દરમિયાન શાળાની આકસ્મિક મુલાકાત લેવી.
2. નવા સત્રમાં શાળાઓ શરૂ થતાં તા. 14 થી 23 નવેમ્બર 2019 દરમિયાન મૌખિક ભાષા વ્યવહારની પ્રવૃત્તિઓનું પુનરાવર્તન કરાવવું. જે શાળામાં પ્રથમ સત્રમાં આ પ્રવૃત્તિઓ ન થઇ હોય ત્યાં વિશેષ ધ્યાન આપવું. આ માટે અત્રેથી તૈયાર કરવામાં આવેલ **મૌખિક ભાષા વ્યવહાર પ્રવૃત્તિ સંપુટ (ધોરણ ૩ થી ૮)**નો ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવું.
3. વાચન અભિયાનના બીજા તબક્કા અંતર્ગત ધોરણ ૩-૮ની **ભાષાદીપ અભ્યાસપોથી** ધોરણ ૩-૮ના દરેક વિદ્યાર્થીને ઉપલબ્ધ કરાવવામાં આવશે.
4. તા. 16 નવેમ્બર 2019, શનિવારના રોજ બાયસેગના માધ્યમથી રાજ્યના ધોરણ 3 થી 8 ના તમામ શિક્ષકોની તાલીમ યોજાશે. ધોરણ ૩ થી ૮ના શિક્ષકો ૯.૩૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન

Scanned by CamScanner

શાળાકક્ષાએથી અથવા નજીકના રિસીવિંગ સેન્ટર પર આ તાલીમ નિહાળે તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

5. તા. 23 નવેમ્બર 2019ના રોજ ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓની વાચન અર્થગ્રહણની પ્રિ-ટેસ્ટ યોજાશે.
6. તા. 25 નવેમ્બર 2019થી 3 એપ્રિલ 2020 સુધી ધોરણ 3 થી 8માં ભાષાદીપ અભ્યાસપોથી અંતર્ગત ઓછામાં ઓછી 16 અઠવાડિયાની પ્રવૃત્તિઓ વર્ગશિક્ષક દ્વારા કરાવવાની છે.
7. પ્રથમ તાસમાં શરૂઆતની 20-25 મિનિટ તથા છેલ્લા તાસ દરમિયાન ભાષાદીપની પ્રવૃત્તિઓ વર્ગશિક્ષકે કરાવવી. આમ, દિવસ દરમિયાન કુલ ૧ કલાક 'ભાષાદીપ'ની પ્રવૃત્તિઓ કરાવવાની છે.
8. તા. 4 એપ્રિલ, 2020 ના રોજ વાચન અર્થગ્રહણની પોસ્ટ-ટેસ્ટ યોજાશે.
9. વાચન અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓ માટે બે વિશિષ્ટ પ્રવૃત્તિઓ યોજવાની છે. વિદ્યાર્થીઓ દ્વારા શાળાકક્ષાએ પ્રોજેક્ટ થશે અને શાળા, ક્લસ્ટર, તાલુકા, જિલ્લા સ્તર સુધીની વાચન અર્થગ્રહણ સ્પર્ધા થશે.
10. ઉપરોક્ત બાબતોને ગંભીરતાથી લઇ જિલ્લાકક્ષાએથી DPEO–DIET પ્રાચાર્યની સમિતિ બનાવીને વાચન પર્વનું સઘન મોનીટરીંગ કરીને અનુવર્તી કાર્ય લેવાનું છે. સમિતિમાં ડાયેટ વ્યાખ્યાતાશ્રી, કેળવણી નિરીક્ષકશ્રી, બીઆરસીનો સમાવેશ કરવો. દરેક તાલુકાનું પ્રતિનિધિત્વ રહે તે રીતે ૧૦ થી ૧૫ સભ્યોની સમિતિ બનાવવી. ડાયેટ પ્રાચાર્યશ્રીએ આ સમિતિની દર પંદર દિવસે સમીક્ષા બેઠક યોજી અત્રેની કચેરીએ અહેવાલ મોકલવાનો રહેશે.

નિયામક
જીસીઇઆરટી,
ગાંધીનગર

નકલ સવિનય રવાના ;

- માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, SSA કચેરી, ગાંધીનગર
- માન. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર

Scanned by CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૯-D તા.૧૩-૧૧-૨૦૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- સશસ્ત્ર સેના ધ્વજદિન-૨૦૧૯ : ૭ ડિસેમ્બર ૨૦૧૯ ના રોજ ધ્વજદિનની ઉજવણી નિમિત્તે જવાનોના કલ્યાણ અર્થે ભંડોળ એકત્રિત કરવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સશસ્ત્ર સેના ધ્વજ દિનની ઉજવણી કરવાનું ભારત સરકારશ્રી તરફથી નકકી કરવામાં આવેલ છે. આપણી મા ભોમ ભારતમાતાની રક્ષા કાજે આપણાં જવાનો યુધ્ધમાં અને આતંકવાદીઓ સાથે લડાઈમાં પ્રાણ-ન્યોછાવર કરી દેશ માટે મહાન કુરબાની આપે છે. આવા શહીદ થયેલા જવાનોના કુટુંબીજનો, સૈનિકો અને માજી સૈનિકોના કલ્યાણ અર્થે અને તેમને સંકટ અને માંદગીના સમયે નાણાંકીય સહાય આપવા અને તેમના બાળકોને શિક્ષણ અપાવવા જેવા કાર્યો માટે આ ધ્વજદિન ઉજવણીના પ્રસંગે જાહેર જનતા પાસેથી યથાશક્તિ ફાળો એકત્રિત કરવામાં આવે છે.

આ દિવસનું મહત્વ બાળકો સમજે તથા ફાળો એકત્ર કરવામાં સહર્ષ જોડાય તે માટે શાળામાં પ્રાર્થના સમયે જરૂરી સૂચનાઓ આપવી તથા બાળકોને ઉદાર હાથે ફાળો આપવા અને વધુ ફાળો એકત્ર કરવા પ્રોત્સાહિત કરવા તેમજ શિક્ષકોએ પણ ઉદાર હાથે પોતાનો ફાળો નોંધાવવો. દર વર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસાટ કચેરી દ્વારા ફાળો ઉઘરાવવા માટે ડબ્બા આપવામાં આવશે નહીં.

એકત્રીત થયેલો ફાળો તા.૩૧-૧-૨૦ સુધીમાં અથવા ત્યાર પછીના દિવસોમાં વહેલાસર જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીની કચેરી ખાતે કેશ, ચેક અથવા ડ્રાફટ દ્વારા જમા કરાવશો. ડ્રાફટ (''કલેકટર અને પ્રમુખશ્રી જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદ'') ના નામનો (એકાઉન્ટ પે) નીચે જણાવેલ સરનામે મોકલી આપશો. સંજોગોવશાત એકત્રિત થયેલ ફાળો રૂબરૂ આપવા જઈ શકાય તેમ ન હોય તો ટપાલ દ્વારા મોકલી આપશો તેમજ આ બાબતે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના ટેલીફોન નં.૦૭૯-૨૬૮૫૧૩૮૨ (અમદાવાદ) પર પણ સંપર્ક કરી જાણ કરી શકાશે. શાળામાંથી એકત્રિત થયેલ ફાળાની રકમ અંગેનો રિપોર્ટ તમારા બીટ સુપરવાઈઝરશ્રીને આપવાનો રહેશે.

સરનામું :- જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટની કચેરી, ગૌરવ સેનાની કુમાર ભવન, સ્કુમ સ્કૂલની સામે, ટી.વી.ટાવર પાછળ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪

બિડાણ :- શાળાકક્ષાએથી ફાળાનાં હિસાબ માટેનો નમુનો

તા.૧૩-૧૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

પરિપત્ર કરવો

ટેલી અને ફેક્ષ : ૦૭૯-૨૬૮૫૧૩૮૨
ઇ-મેલ : zsb_abd@rediffmail.com

ક્રમાંક : જસકપ/૨૩૨/૨૫ન/ધદન-૧/૨૦૧૯
જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી
ગૌરવ સેનાની કુમાર ભવન, સ્કુમ સ્કૂલની સામે,
ટી.વી. ટાવરની પાછળ, બોડકદેવ,
અમદાવાદ, પિન-૩૮૦૦૫૪
તા. ૦૯ /૧૦/૨૦૧૯

પ્રતિ,

| | |
|---|---|
| 39 | શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, એલીસબ્રીજ શાળા નં ૧૦, એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ નવરંગપુરાની બાજુમાં, અમદાવાદ |

વિષય : સશસ્ત્ર સેના ધ્વજદિન ૨૦૧૯ : ૦૭ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ ધ્વજદિનની ઉજવણી નિમિત્તે જવાનોના કલ્યાણ અર્થે ભંડોળ એકત્રિત કરવા અપીલ અને લક્ષ્યાંક બાબત

૧. ઉપર્યુક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ આપણા દેશની સરહદોનું રાત-દિવસ ખડે પગે ઉભા રહી રક્ષણ કરતા સૈનિકો, પૂર્વ સૈનિકો, શહીદ સ્વ. સૈનિકો, સ્વ. સૈનિકોના ધર્મપત્નીઓ અને તેઓના આશ્રિતોના કલ્યાણ અને પુનર્વસવાટ માટે તારીખ ૦૭/૧૨/૨૦૧૯ ના રોજ સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણી કરવામાં આવનાર છે અને આ પ્રસંગે નાગરીકો પાસેથી ફાળો એકત્રીત કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

૨. ઉક્ત વિગતે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ એકત્રિત કરવા માટે ગૃહ વિભાગ, ગુજરાત સરકારશ્રી, ગાંધીનગરના અધિક મુખ્ય સચિવશ્રી પંકજ કુમાર, આઇ. એ. એસ. ના અર્ધ સરકારી પત્ર ક્રમાંક : મસક/૧૦૨૦૧૭/૯૮૪/ફ/૧૯૭૫ તા. ૦૬/૦૭/૨૦૧૯થી આપણા અમદાવાદ જિલ્લાને રૂ. ૫૦ લાખનું લક્ષ્યાંક આપવામાં આવેલ છે. ઉપરોક્ત લક્ષ્યાંકને પહોંચી વળવા અત્રેના જિલ્લાની દરેક સરકારી તથા અર્ધ સરકારી કચેરી માટેનો લક્ષ્યાંક આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબ ફાળવવામાં આવે છે જે તા. ૩૧/૦૩/૨૦૨૦ પહેલાં પુરો કરવા આપ સર્વેને વિનંતી છે.

૩. દર વર્ષે આપશ્રી તરફથી આ કાર્યમાં જરૂરી સાથ સહકાર મળે જ છે તેવી જ રીતે આ વર્ષે પણ આપના તરફથી યોગ્ય સાથ સહકાર મળી રહેશે તેવી આશા સાથે આપશ્રીના હસ્તકની દરેક કચેરી/સંસ્થા સશસ્ત્ર સેના ધ્વજદિન ૨૦૧૯ નિમિત્તે યોગ્ય પ્રચાર કરી કચેરીના અધિકારી/કર્મચારી અંગત રસ દાખવી ઇચ્છુક દાનવીરો પાસેથી વધુમાં વધુ સશસ્ત્ર સેના ધ્વજદિનનું ભંડોળ એકત્રીત થાય તે માટે ઘટતુ કરવા વિનંતી છે.

૪. આપશ્રીની કચેરીએ સશસ્ત્ર સેના ધ્વજદિન ૨૦૧૯ નિમિત્તે એકત્રીત કરેલ ભંડોળ રોકડમાં અથવા Collector & President Armed Forces Flag Day Fund Account ના નામનો ચેક/ડ્રાફ્ટ બનાવી મોકલી આપવા વિનંતી.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
ડે.એ.ઓ......... આસિ.એ.ઓ......... ઝોન
આવક નં......... તા.........
શાસનાધિકારી

બિડાણ : ઉપર મુજબ.
નોંધ: ~~ફ્લેગ ડેની સામગ્રી પણ~~ પરિશિષ્ટ-૨ મુજબ સામેલ રાખેલ છે.

(ડૉ. વિક્રાંત પાંડે, IAS)
કલેક્ટર અને પ્રમુખશ્રી
જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી
અમદાવાદ

# "જિલ્લા સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ સમિતિ"

## ૦૭ ડિસેમ્બર

રાષ્ટ્રીય રક્ષા કાજે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર વીર સૈનિકોના પરિવારજનો સ્વમાનભેર પોતાના જીવનનો નિર્વાહ કરી શકે તેવી વ્યવસ્થા કરવા તેમજ યુદ્ધ અને સૈનિક કાર્યવાહીમાં શારીરિક ક્ષતિગ્રસ્ત થવાના કારણે સશસ્ત્ર સેનાઓમાંથી છુટા કરાયેલા સૈનિકોના પુનર્વસવાટ માટે તેમજ સશસ્ત્ર સેનાઓને યુવાન રાખવાની રાષ્ટ્રની નીતિના ફળસ્વરુપે તમામ નાગરિક સેવાઓની સરખામણીમાં ઘણી નાની ઉંમરમાં સશસ્ત્ર સેનાઓમાંથી છુટા કરવામાં આવતા સૈનિકો અને તેઓના પરિવારજનોના કલ્યાણ માટે વિવિધલક્ષી કલ્યાણકારી યોજનાઓ બનાવવા માટે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળનો ઉપયોગ કરવામાં આવે છે. આ ભંડોળ એકત્ર કરવાના ઔપચારિક કાર્યક્રમનો આરંભ પ્રતિ વર્ષ ૭મી ડિસેમ્બરના રોજ કરવામાં આવે છે.

પોતાના પ્રાણની પરવા કર્યા વિના દેશના સીમાડાઓ અને સાર્વભૌમકતાનું રક્ષણ કરનાર દેશના આ સિપાહીઓ યુદ્ધ સિવાય કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ કુદરતી પ્રકોપ, માનવસર્જિત અકસ્માત કે આપદાઓમાં પણ નાગરિકોની સહાયતા માટે ખડે પગે રહી સમાજ અને દેશની અમૂલ્ય સેવા બજાવવા અગ્રેસર રહે છે. દેશની રક્ષા કરવા સતત તૈનાત રહેતા આપણા સૈનિકો પ્રત્યે ઋણ અદા કરવાની આપણી અને સમાજની મોટી જવાબદારી થાય છે.

આપણા સૈનિકો પ્રત્યે આત્મીયતા અને સન્માનની લાગણીની અભિવ્યક્તિ કરી તેઓના મનોબળને દ્રઢ કરવાના આ અવસરે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં યથા-યોગ્ય યોગદાન આપવા જિલ્લાના પ્રત્યેક નાગરિકોને આથી અપીલ કરવામાં આવે છે.

આપના વિશ્વાસુ,

| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રી,<br>જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી / કલેક્ટર અને પ્રમુખશ્રી,<br>જિલ્લા સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળ સમિતિ | સંબંધિત જિલ્લાઓની સંપર્ક કચેરીઓ |
|---|---|
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>ગૌરવ સેનાની કુમાર ભવન, ટીવી ટાવર પાછળ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪.<br>ફોન/ફેક્સ : ૦૭૯-૨૬૮૫૧૩૮૨ E-mail : zsb_abd@rediffmail.com | અમદાવાદ, ગાંધીનગર |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>સૈનિક કુમાર છાત્રાલય, છાણી-ન્યુ સમા રોડ ક્રોસીંગ, છાણી રોડ, વડોદરા-૩૯૦૦૨૪.<br>ફોન/ફેક્સ : ૦૨૬૫-૨૭૭૨૬૬૬ E-mail : zsb_vdr24@rediffmail.com | વડોદરા, ખેડા, આણંદ, છોટા ઉદેપુર, |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>ગૌરવ સેનાની ભવન, અભિનંદન રેસીડેન્સી પાછળ, પો. વરાછા રોડ (વાલક), સુરત-૩૫૯૦૦૬.<br>ફોન/ફેક્સ : ૦૨૬૧-૨૯૧૩૮૨૦ E-mail : zsb_srt@rediffmail.com | સુરત, વલસાડ, ડાંગ, ભરૂચ, નવસારી, નર્મદા, તાપી |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>કલેક્ટર કચેરી, લાલ બંગલો, જામનગર-૩૬૧૦૦૧.<br>ફોન/ફેક્સ : ૦૨૮૮-૨૫૫૮૩૧૧ E-mail : zsb_jamnagar@rediffmail.com | જામનગર, જુનાગઢ, પોરબંદર, ગીર-સોમનાથ, દેવભુમિ દ્વારકા |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>પૂર્વ સૈનિક આરામ ગૃહ, પોલીસ હેડ ક્વાટર્સ સામે, રાજકોટ-૩૬૦૦૦૧.<br>ફોન/ફેક્સ : ૦૨૮૧-૨૪૭૬૮૨૫ E-mail : zsb_rjt@rediffmail.com | રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, મોરબી, બોટાદ |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>સી-બ્લોક, પ્રથમ માળ, બહુમાળી ભવન, જિલ્લા સેવા સદન, હિંમતનગર (સા.કાં.)-૩૮૩૦૦૧.<br>ફોન/ફેક્સ ૦૨૭૭૨-૨૪૬૬૩૦ E-mail : zsb_sk@rediffmail.com | સાબરકાંઠા, અરવલ્લી |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>બહુમાળી ભવન, ગ્રાઉન્ડ ફ્લોર, રૂમ નં. ૧૧૪, કચ્છ-ભુજ-૩૭૦૦૦૧.<br>ફોન/ફેક્સ : ૦૨૮૩૨-૨૨૧૦૮૫ E-mail : zsb_ktc@rediffmail.com | કચ્છ-ભુજ |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>બ્લોક-૨, ત્રીજો માળ, બહુમાળી ભવન, જિલ્લા સેવા સદન, રાજમહેલ રોડ, મહેસાણા-૩૮૪૦૦૧.<br>ફોન/ફેક્સ : ૦૨૭૬૨-૨૨૦૨૩૫ E-mail : zsb_msn@rediffmail.com | મહેસાણા, બનાસકાંઠા, પાટણ |
| જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી,<br>રૂમ નં. ૩૨, ત્રીજો માળ, બહુમાળી ભવન, જિલ્લા સેવા સદન-૨, ગોધરા-૩૮૯૦૦૧.<br>ફોન/ફેક્સ : ૦૨૬૭૨-૨૪૦૫૮૦ E-mail : zsb_god@rediffmail.com | દાહોદ, પંચમહાલ, મહીસાગર |

### નિયામક સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજ્ય


ગૌરવ સેનાની ભવન, શાહીબાગ-એરપોર્ટ રોડ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

ફોન : ૦૭૯-૨૨૮૬૮૩૪૯-૫૧, ફેક્સ : ૦૭૯-૨૨૮૬૮૩૪૬ E-mail : rsb_guj@rediffmail.com


सशस्त्र सेना झंडा दिवस सशस्त्र सेना झंडा दिवस सशस्त्र सेना झंडा दिवस सशस्त्र सेना झंडा दिवस सशस्त्र सेना झंडा दि

# શાળાના વિદ્યાર્થી દ્વારા એકત્રિત કરાયેલા ફાળાનો હિસાબ, શાળાઓ દ્વારા નીચેના નમૂના મુજબ જાળવવા વિનંતી

શાળાનું નામ : ____________________________________________

વર્ગ : ______________________ શાળાનો દાન સ્લીપ ક્રમ નંબર : ______________________

| ક્રમ | દાતાનું નામ | દાનની રકમ ₹. માં | દાતાની સહી | તારીખ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

| | |
|---|---|
| દાનની કુલ રકમ ₹. | |
| દાનની કુલ રકમ શબ્દોમાં | |
| રકમ જમા કરનાર વિદ્યાર્થીનું નામ અને સહી | |
| વર્ગ શિક્ષકનું નામ અને સહી | |
| શાળા સ્તરે ભંડોળનું સંકલન કરનાર શિક્ષકનું નામ અને સહી | |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૯-E તા.૧૩-૧૧-૨૦૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :-તબીબી કારણોસર શિક્ષકોની જિલ્લા ફેરબદલી બાબતે મેડીકલ બોર્ડના અભિપ્રાય બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૧૯/૭૦૬૦-૭૧૧૩ તા.૨૫-૧૧-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, તબીબી કારણોસર પ્રાથમિક શિક્ષકોની જિલ્લા ફેરબદલી શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર કરવામાં આવે છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવ્યા અનુસાર નવા ચેકલીસ્ટ મુજબ દરખાસ્ત મોકલવાની રહેશે તેથી સંદર્ભિત પત્રનો ચીવટપૂર્વક અભ્યાસ કરી તેમાં દર્શાવ્યા અનુસાર દરખાસ્ત મોકલવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૩-૧૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/૨૦૧૯/ 7060-7113
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોકનં.૧૨/૧ ડૉ જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા. ૨૬/૧૦/૨૦૧૯

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- તબીબી કારણોસર શિક્ષકોની જિલ્લાફેર બદલી બાબતે મેડીકલ બોર્ડના અભિપ્રાય બાબત.
સંદર્ભઃ- શિક્ષણ વિભાગના પત્રાંકઃ પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૨૫/૧૦/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તબીબી કારણોસર પ્રાથમિક શિક્ષકોની જિલ્લા ફેરબદલી શિક્ષણ વિભાગના તા.૨૩/૦૫/૨૦૧૨ ના ઠરાવની જોગવાઈના પ્રકરણ-જ મુજબ કરવામાં આવે છે. જેમાં શિક્ષણ વિભાગ દ્વારા નક્કી કરેલ ચેકલીસ્ટ મુજબ દરખાસ્તો સબંધિત શિક્ષક/વિદ્યાસહાયક તરફથી રજૂ કરવામાં આવતી હતી. જે હવે પછી શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્રથી કરવામાં આવેલ નવા નિયત ચેકલીસ્ટ મુજબ જ મોકલવાની રહેશે. જો નક્કી કરેલ ચેકલીસ્ટ મુજબ દરખાસ્ત રજૂ કરવામાં નહી આવે તો આપના તરફથી રજૂ કરેલ દરખાસ્તો ધ્યાને લેવામાં આવશે નહી. જેની નોંધ લેશો. આ અંગેની જાણ આપના તાબા હેઠળના સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને આપની કક્ષાએથી કરવાની રહેશે. શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્રની નકલ તથા ચેકલીસ્ટની નકલ આ સાથે સામેલ રાખીને મોકલી આપવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

(એમ. કે. રાવલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

... શિક્ષણ નિયામકની કચે
ગ. રા. ગાંધીનગર
2 5 OCT 2019
આવક નં. ૫૬૦૪
... ૬-આશી

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય,
ગાંધીનગર -૩૮૨૦૧૦.
ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૩૩૬, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨-૫૧૩૨૫
Email ID- sok51343@gmail.com

ખુબ અગત્યનું
By RPAD

પત્ર ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક,
તારીખ: ૨૫/૧૦/૨૦૧૯

પ્રતિ

૧ પ્રમુખશ્રી,મેડીકલ બોર્ડ ,ગુરૂ ગોબિંદસિંહ સરકારી હોસ્પિટલ, જામનગર
૨ પ્રમુખશ્રી,મેડીકલ બોર્ડ ,ડી-૪,પ્રથમ માળ,,સિવિલ હોસ્પિટલ, અમદાવાદ -૩૮૦૦૧૬
૩ પ્રમુખશ્રી,મેડીકલ બોર્ડ,એસ.એસ.જી હોસ્પિટલ,જેલ રોડ, ભારત પેટ્રોલ પંપની સામે, વડોદરા ૩૯૦૦૦૧
૪ પ્રમુખશ્રી,મેડીકલ બોર્ડ, ન્યૂ સિવિલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત-૩૯૫૦૦૧

વિષય:- તબીબી કારણોસર શિક્ષકોની જિલ્લાફેર બદલી બાબતે મેડીકલ બોર્ડના અભિપ્રાય બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે તબીબી કારણોસર પ્રાથમિક શિક્ષકોની જિલ્લા ફેરબદલી કરવા બાબતે શિક્ષણ વિભાગના તા.૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક:- પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭/ક થી નીતિ નક્કી કરવામાં આવેલ છે. આ ઠરાવના પ્રકરણ-(જ) અન્વયે પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક, તેમના પતિ/પત્ની કે સંતાનને ગંભીર તેમજ અસાધ્ય રોગ થયેલ હોય તો તેઓની સારવાર માટે તેમના પસંદગીના સ્થળની પ્રાથમિક શાળામાં બદલી કરી આપવાની જોગવાઇ કરવામાં આવી છે. અરજદાર શિક્ષક/વિદ્યાસહાયક કે તેમનાં કુટુંબના સભ્યને થયેલ રોગની ગંભીરતા અને અસાધ્ય અંગે સ્થાયી મેડી કલ બોર્ડ તરફથી પ્રમાણપત્ર અને અભિપ્રાય આપવામાં આવે છે, જે ઘણો ઉપયોગી થાય છે અને બોર્ડના અભિપ્રાયને અનુલક્ષીને અરજદાર શિક્ષક/વિદ્યાસહાયકની તબીબી કારણોસર ખાસ કિસ્સામાં બદલી કરવા અંગેનો નિર્ણય લેવામાં શિક્ષણ વિભાગને સરળતા રહે છે.

૨. આપના ધ્યાને એ હકીકત મુકવાનું વાજબી જણાય છે કે, શિક્ષણ વિભાગ સમક્ષ રજૂ કરવામાં આવતી દરખાસ્તોમાં અરજદાર શિક્ષક/વિદ્યાસહાયક કે તેના કુટુંબીજને જે રોગ થયો છે તે રોગ સર્જરી દ્વારા અને/અથવા જરૂરી દવાઓ અથવા અન્ય કોઇ રીતે મટાડી શકાય અથવા નિયંત્રણમાં રહી શકે

તેમ હોય તો તે અંગેની વિગતો શિક્ષણ વિભાગ સમક્ષ રજૂ કરવામાં આવતી દરખાસ્તમાં ઉપલબ્ધહોય છે પરંતુ તેના આધારે દર્દીના રોગની ગંભીરતા બાબતે સાચો નિર્ણય કરી શકાતો નથી. તેમજ હાલમાં જણાયુ છે કે આ પ્રમાણપત્રોમાં અરજદાર કે અન્ય લેભાગુ તત્વો દ્વારા અસલ પ્રમાણપત્ર સાથે ચેડાં પણ કરવામાં આવે છે. આ સંજોગો જોતા સ્થાયી મેડીકલ બોર્ડ તરફથી રજૂ કરવામાં આવતા અભિપ્રાય અંગે જે ફોર્મેટ નિયત કરવામાં આવ્યુ હતુ તેમાં કેટલાંક સુધારા કરવાનું જરૂરી જણાયુ છે. આથી સ્થાયી મેડીકલ બોર્ડ દ્વારા અભિપ્રાય આપવાના અંગેનું સુધારેલું ફોર્મેટ તૈયાર કરેલ છે જે આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે.

૩. આથી હવે પછી અરજદાર પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક કે તેમના પતિ/પત્ની કે સંતાનને થયેલ રોગ અંગેનો મેડીકલ બોર્ડનો અભિપ્રાય આ સાથેના સુધાર્યા મુજબના નવા ફોર્મેટમાં જ આપવામાં આવે તે જોવા આપને આજ્ઞાનુસાર નમ્ર વિનંતી છે.

૪. આ સાથે સામેલ ફોર્મેટમાં સહી કરનાર તમામ તબીબી અધિકારીશ્રીઓએ સહી, સિક્કા સાથે નામનો સ્પષ્ટ ઉલ્લેખ કરવા તેમજ જ્યા નાની સરખી પણ છેકછાક હોય ત્યાં પણ અચુકપણે સહી કરવા વિનંતી છે.

૫. વધુમાં જણાવવાનુ કે આ વિભાગના તા.૨૫/૧૦/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક મુજબ " કમિશનરશ્રીની કચેરી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(તબીબી વિભાગ) દ્વારા અધિકૃત કરેલ તબીબી પંચના અભિપ્રાય મુજબ સારવાર માટે શિક્ષકના હાલના ફરજના સ્થળેથી ઉપલબ્ધ તબીબી સારવારના સૌથી નજીકના સ્થળે વહીવટી બાબતોને ધ્યાને રાખીને બદલી કરી આપવાની વિચારણા કરવામાં આવશે"ની જોગવાઇ ઉમેરવામાં આવેલ છે. તે જોગવાઇ મુજબ રાજ્યમાં વ્યાપક તબીબી સારવારની સુવિધાને ધ્યાને લઇને અરજદારની હાલના ફરજના સ્થળેથી ઉપલબ્ધ તબીબી સારવારના સૌથી નજીકના સ્થળને જણાવવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(સુબોધ જોષી)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ- ઉપર મુજબ

| | | |
|---|---|---|
| …ક્ષણ વિભાગ હેઠળના મુખ્ય શિક્ષક / પ્રાથમિક શિક્ષકોની તબીબી કારણોસર ખાસ કિસ્સામાં બદલી કરવાની દરખાસ્ત સાથે રજુ કરવાના તબીબી અભિપ્રાયનો નમુનો | દર્દીનો ફોટોગ્રાફ અહી ચોંટાડવો. તેને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરાવવો | અરજદાર શિક્ષકનો ફોટોગ્રાફ અહી ચોંટાડવો. તેને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરાવવો |

## ૧. દર્દીની વિગત:

| | | |
|---|---|---|
| ૧. | દર્દીનું નામ | |
| ૨. | દર્દીની જન્મતારીખ અને ઉંમર | |
| ૩. | દર્દીનો આધાર નંબર | |
| ૪. | દર્દીના ઓળખના ચિહ્ન | |
| ૫. | અરજદાર શિક્ષકનો દર્દી સાથેનો સંબંધ અને તે અંગેનો રજુ કરાયેલ પુરાવો | |
| ૬. | રોગ અંગેની વિગત | |
| ૭. | દર્શાવેલ રોગ ક્યારથી થયેલ છે? | |
| ૮. | હાલમાં કઇ હોસ્પિટલમાં સારવાર ચાલુ છે? | |

(ઓળખ અને સંબંધનો પુરાવો સંબંધિત જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ ખરી નકલ કરી આ સાથે જોડવી)

## ૨. અરજદાર શિક્ષકની વિગત

| | | |
|---|---|---|
| ૧. | અરજદાર શિક્ષકનું નામ | |
| ૨. | હાલની શાળાની વિગત અને સરનામું. | |
| ૩. | બદલીની માંગણીનું સ્થળ, તાલુકા અને જીલ્લાનુ નામ | |
| ૪. | નિયમીત રીતે થતા બદલી કેમ્પમાં બદલીની માંગણી કરેલ છે? જો હા તો, તેની સંપુર્ણ વિગતો- | |
| ૪.૧ | નિયમીત બદલીની માંગણી સંબંધે બદલીની માંગણીના જિલ્લા/તાલુકાના સંબંધમાં બદલીના હેતુ માટેનો સીનીયોરીટી ક્રમાંક | |

તારીખ

સ્થળ

અરજદાર શિક્ષકની સહી

ક્ષેત્રીય કક્ષાએ ખરાઇ કરનાર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના નામ, સહી અને સિક્કો

(માંગેલ બદલીના સ્થળે અરજદાર શિક્ષકને લાયકાત મુજબ જગ્યા ખાલી છે કે નહી તેની ચકાસેલ વિગત આ સાથે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીએ આ સાથે અવશ્ય સામેલ કરવી)

## મેડિકલ બોર્ડનો અભિપ્રાય

(તમામ વિગતો સ્પષ્ટ, સુવાચ્ય અક્ષરોમા આપવામાં આવે તે ઇચ્છનીય છે તેમજ તમામ કોલમની વિગત આ અભિપ્રાય તપાસનાર અધિકારી/કર્મચારી કે જે તબીબી ક્ષેત્ર સાથે સંકળાયેલ ન હોવા છતા સમજી શકે તેવી સરળ રીતે જણાવીને તમામ કોલમની વિગતો અવશ્ય ભરવી)

દર્દીનો ફોટોગ્રાફ અહીં ચોંટાડી મેડિકલ બોર્ડ દ્વારા પ્રમાણિત કરાવવો .

**પ્રમાણપત્ર ઇસ્યુ નંબર:**

| | | |
|---|---|---|
| ૧ | દર્દીનુ નામ અને ઉંમર | |
| ૨ | દર્દીના ફોટોને અસલ ફોટો આઈડી પ્રુફ સાથે સરખાવીને તેજ દર્દી હોવાના ખરાઇ કરેલ છે? | |
| ૩ | દર્દીને તપાસ્યા તારીખ | |
| ૪ | રોગનુ પુરૂ નામ(અંગ્રેજીમાં લખો તો Capital letters માં લખવા વિનંતી) | |
| ૫ | રોગના લક્ષણો અને કારણો | |
| ૬ | આ રોગ અસાધ્ય છે?(હા કે ના) | |
| ૭ | આ રોગ ગંભીર છે? (હા કે ના) | |
| ૮ | આ દર્દીના કિસ્સામાં રોગ અસાધ્ય અને/અથવા ગંભીર હોવા અંગેની સ્પષ્ટ વિગતો દર્શાવવી. | |
| ૯ | આ દર્દીના કિસ્સામાં રોગ સર્જરી અથવા દવાઓ અથવા અન્ય રીતે નિયંત્રણમાં રહી શકે તેમ છે કે કેમ ? તેની સ્પષ્ટ વિગતો | |
| ૧૦ | રાજ્યમાં તબીબી સેવાઓની ઉપલબ્ધીના સંબંધમાં દર્શાવેલ રોગની સારવાર બદલીની માંગણીની જગ્યાએ ઉપલબ્ધ છે? જો હા તો તે અંગેની હોસ્પિટલની સ્પષ્ટ વિગત: | |
| ૧૧ | રાજ્યમાં તબીબી સેવાઓની ઉપલબ્ધીના સંબંધમાં દર્દીના હાલના ફરજ સ્થળથી નજીકની કઇ કઇ હોસ્પિટલ/શહેરમાં સારવાર ઉપલબ્ધ છે? | |

તારીખ

**તબીબી બોર્ડના અધિકારીશ્રીઓના નામ, સહી અને સિક્કા**

સ્થળ

(ઉક્ત જગ્યા ખુટતા નવા પાના પર વિગતો દર્શાવવી અને તમામ જોડેલ પૃષ્ઠ પર પ્રમાણીત ફોટોગ્રાફ અને તબીબી બોર્ડના અધિકારીશ્રીઓના નામ, સહી અને સિક્કા અવશ્ય દર્શાવવા અને તેવા કિસ્સામાં અન્ય પૃષ્ઠ અલગથી સામેલ છે તેનો ઉલ્લેખ અત્રે કરવા વિનંતી છે)